મહેસાણા ખાતે પોલીસ મહાનિરીક્ષક હસમુખ પટેલના અધ્યક્ષ સ્થાને લોકદરબાર

મહેસાણા, તા.૮

ગાંધીનગર વિભાગના પોલીસ મહાનિરીક્ષક હસમુખ પટેલના અધ્યક્ષ સ્થાને મહેસાણા કમળાબા હોલ ખાતે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકદરબારમાં સામાજિક આગેવાનો, લોક જનતા ઉપસ્થિત રહી હતી.

લોકદરબારમાં વિવિધ -શ્રો, રજુઆતો સાંભળી તેનું હકારત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું. પોલીસ મહાનિરીક્ષકે જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે પોલીસની જવાબદારી છે.આ ઉપરાંત રજુ કરાયેલા -શ્રો દારૂનું વેચાણ, પશુધન ચોરી, ટ્રાફિક નિયમન, મહિલાઓની સુરક્ષા બાબતે ખાસ કડકાઇથી કાર્યવાહી કરવા ખાસ જણાવ્યું હતું.

હસમુખ પટેલે જણાવ્યું હતું કે આર. ટી. આઇ ના માધ્યમથી પૈસા પડાવવાનું કામ કરે છે તેમની સામે કડક કાર્યવાહી કરવા પણ પોલીસ વિભાગને જણાવ્યું હતું. આ ઉપરાંત મહિલા કોલેજો,શાળાઓની પાસે મહિલાઓની કનડગત ન થાય તે માટે ખાસ કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતુ. મહેસાણા જિલ્લામાં આ વર્ષે ૫૦ ગામ દારૂ મુક્ત કરવા ઝુંબેશ ઉપાડશે અને પોલીસ તંત્ર પણ સમાજ -ત્યે સભાનતા પુર્વક જવાબદારી નિભાવશે તેમ જણાવ્યું હતું. અસમાજિક -વૃતિની માહિતી આપનારનું નામ ગુઝ રખાશે અને આ અંગેની માહિતી ૦૭૯૨૩૨૬૦૬૧૫ આપવા જણાવ્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં જનરક્ષક યોજના દાખલ કરી લોકોની સુરક્ષા -ત્યે વધુ ધ્યાન અપાશે તેમ જણાવ્યું હતું.

રાત્રીના ૧૦ થી સવારે ૦૬ વાગ્યા સુધી માઇક વગાડવા પર -તિબંધ કાયદાનું કડક પણે અમલ કરાશે તેમ જણાવ્યું હતું. પોલીસ વિભાગનો કંટ્રોલ રૂમનો ફોન નંબર અસરકારક રીતે કાર્યરત રહે તે માટેની કાર્યવાહી કરાશે. આ ઉપરાંત કોમ્યનિકેશનના માધ્યમ થકી જાહેર જનતા સહયોગ આપે તેવી ખાસ અપીલ કરી હતી

આ ઉપરાંત લોકાના વ્યક્તિગત -શ્રોનો સાંભળી તેનું હકારત્મક નિવારણ પણ કર્યું હતું.. લોકદરબારમાં જિલ્લા પોલીસ અધિક્ષક જે. આર. મોથલીયા, પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, અગ્રણીઓ અને જાહેર જનતા હાજર રહી હતી.

જગાણા ગામની સગીર વયની વિદ્યાર્થીનીને એક નરાધમ લલચાવી-ફોસલાવી ભગાડી ગયો

પાલનપુર, તા.૮

પાલનપુર તાલુકાના જગાણા ગામે ખેત મજુરી કરતા -તાપજી હરચંદજી ઠાકોર ની ૧૬ વર્ષની પુત્રી પુષ્પા આ જ ગામની પે-કેન્દ્ર શાળામાં આઠમા ધોરણમાં અભ્યાસ કરતી હતી જેને જગાણા ગામના ડુંગરભાઇ ભીખાભાઈ ચૌધરીના ખેતરમાં ભાગિયા તરીકે મજુરી કરતો જગદીશ રાવજીભાઈ ભીલ ઉર્ફે ભગો મૂળ રહેવાસી ચંદ્રાવતી માવલ તાલુકો આબુરોડ વાળો તા.૨૧/૩/૧૫ ના રોજ લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી ગયો હોવાની ફરિયાદ -તાપજી ઠાકોરે તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી અને પોતાની રીતે પણ અનેક જગ્યાએ પોતાની વ્હાલસોયી દીકરીની તપાસ કરવા છતાં આજદિન સુધી પુષ્પાની ભાળ ના મળતા તેઓ થાકી હારી ગયા હતા. તેવામાં સેવા કાર્યો માટે હંમેશા તત્પર રહે છે તેવા ઠાકોર સેનાના યુવાનોનો સંપર્ક તેમના જ ગામના શ્રી રતિભાઇ લોહે કર્યો હતો. ત્યારબાદ ઠાકોર સેનાના યુવાનો એ તાત્કાલિક જગાણા ગામે ખેતરમાં જઈને -તાપજી ઠાકોરને મળી સઘળી વિગત જાણી તેમને સાંત્વના આપી આખા ગુજરાતમાં વ્યાઝ ઠાકોર સેનાના યુવાનોને પુષ્પાનો ફોટો અને વિગત મોકલી તેમની દીકરીને બને તેટલી જલ્દીથી શોધી આપવાની કામગીરી શરુ કરી દીધી હતી.

ભિલોડામાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટીમ ધ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

પ્રતિનિધિ ધ્વારા ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટીમ ધ્વારા વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી નિમિત્તે નિઃશુલ્ક નિદાન કેમ્પ ઈડર-શામળાજી રોડ ઉપર આવેલ પેટ્રોલ પંપ સામે યોજાયો હતો.ભિલોડા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ઈ.એમ.ટી. જયેશભાઈ ચમાર,પાયલોટ દશરથભાઈ પરમાર ધ્વારા ડાયબીટીસ,બી.પી. સહિત વિવિધ પ્રકારના રીપોર્ટ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા.જાગૃત પ્રજાજનોએ મોટી સંખ્યામાં નિઃશુલ્ક સેવાનો લાભ લીધો હતો.ભિલોડામાં આનંદની લાગણી પ્રસરી હતી.

બાળ અધિકાર સંરક્ષણ આયોગ અરવલ્લી જિલ્લાની મુલાકાતે

સામાજીક જવાબદારીથી બાળકોના અધિકારોનું રક્ષણ થાય તે જરૂરી છે : ડૉ. રામેશ્વરી પંડ્યા

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૮

ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા અરવલ્લી જિલ્લાના બે દિવસીય તપાસણી કાર્યક્રમના -થમ દિવસે મોડાસાની સાકરીયા ગામની -થમિક શાળા, આંગણવાડી, અને ભિલોડાના શામળાજીની સર્વોદય આશ્રમની આયોગના અધ્યક્ષા ડૉ.રામેશ્વરીબેન પંડયા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.

બાળ અધિકારી સંરક્ષણ આયોગ દ્વારા બાળકોના મુળભૂત અધિકારો જેવા કે, શિક્ષણ, આરોગ્યની ખાસ તકેદારી રાખવામાં આવે છે બાળકોના અભ્યાસ બાબતે શરૂઆતથી બાળકો તેમનો અભ્યાસ પુરો કરે તે માટેની તમામ શૈક્ષણિક સવલતો બાળકોના રહેઠાણના સ્થળ નજીક ગુણવત્તા સભર પુરી પાડવા, બાળકના જન્મથી તેના આરોગ્યની તકેદારી રાખવી અને જરૂરીયાત મુજબનું વેક્સીનેશન અને મેડીસીન જેવી તમામ સગવડો નિઃશુલ્ક પુરી પાડવા માટે અથાગ -યત્નો કરી રહયું છે તેમજ સતત જાગૃત રહે છે તે વિષેની સમજ આપી હતી.

આ ઉપરાંત આંગણવાડી અને -થમિક શાળામાં બાળકોની સગવડતા, ગણવેશ, પાણીની વ્યવસ્થા, મધ્યાહન ભોજન અને બાળકોના અક્ષર જ્ઞાનની જાત માહિતી મેળવી હતી તેમજ એસ.એમ.સી.નું રજીસ્ટર પણ ચકાસ્યું હતું. આયોગ દ્વારા શામળપુરની કુમાર અને કન્યા છાત્રાલયની મુલાકાત લઈ બાળકો માટેની રહેણીકરણી, આરોગ્ય અને શિક્ષણનું મૂલ્યાકન કરી તમામ સુવિધાઓની તલસ્પર્શી વિગતો મેળવવામાં આવી હતી તેમજ અધ્યક્ષા ડૉ.રામેશ્વરીબેન પંડયા દ્વારા જરૂરી સુધારા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અમલીકરણ અધિકારીઓ સાથે તેઓના વિભાગની માહિતી મેળવી હતી અને જરૂરી સુધારા તેમજ માર્ગદર્શન આપ્યું હતું.

આયોગની મુલાકાત દરમ્યાન આયોગના સદસ્યશ્રીઓ નયનાબેન રામાણી, મધુબેન સેનમા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી રાજેશ કુચારા., જિલ્લા -થમિક શિક્ષણાધિકારીશ્રી ઝાલા, સમાજ સુરક્ષા અધિકારીશ્રી મહેશ પટેલ, બાળ સુરક્ષા અધિકારી સુરેશ પાંડોર, ચિરાગ જોષી, સહિત અને જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

બનાસકાંઠાના સીમાડે આવેલી બોર્ડરની સુરક્ષા કરતાં જવાનોને નર્મદાનું શુદ્ધ પાણી પહોંચાડાશે

ગાંધીનગર, તા.૮

બનાસકાંઠા જિલ્લાની સીમાડે આવેલ બોર્ડરની સુરક્ષા કરતાં જવાનોને શુદ્ધ અને નિયમિત પાણી મળી રહે તે માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા રૂ.૧૧૦ કરોડના ખર્ચે દાંતીવાડા ડેમ આધારિત પાણી પુરવઠા યોજના તૈયાર કરવામાં આવી છે. આ પાઇપ લાઇનનું લોકાર્પણ તા.૧૦મી એપ્રિલના રોજ દાંતીવાડા ખાતે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે થનાર છે. આ માટે સુઇગામે બી. એસ. એફ. કેમ્પમાં આવતાં પાણીના જથ્થામાં વધારો કરવા સુઇગામ હેડ વર્કસ ઉપર બેણપ હેડવર્કસથી સુઇગામ હેડવર્કસ સુધી ૨૫૦ એમ.એમ. પાણીની પાઇપ લાઇન પણ નાંખવામાં આવી છે.

આ ઉપરાંત આ પાઇપ લાઇન ડીસા તાલુકાના ૩૨ ગામો અને ૩૩ પરા, દાંતીવાડા તાલુકાના ૩૦ ગામ, પાલનપુર તાલુકાના ૨૪ ગામ અને ૩ પરા તેમજ અમીરગઢ તાલુકાનું ૧ ગામ મળી કુલ ૮૭ ગામો અને ૩૬ પરાઓના અંદાજિત ૨,૯૨,૨૬૪ લોકોને શુદ્ધ પાણી મળી રહેશે.

તેની સાથો સાથ જળસંપત્તિ વિભાગ દ્વારા ૩૦૦ ક્યુસેક પાણીની ક્ષમતાવાળી ૭૯ કિ.મી. લાંબી પાઇપ લાઇનનું લોકાર્પણ પણ મુખ્યમંત્રીશ્રી કરશે. આ યોજનાથી ૬ તાલુકાના ૯૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. કાંકરેજ, ડીસા અને દાંતીવાડા તાલુકાના ૪૯ તળાવોનું પાઇપ લાઇન સાથે જોડાણ કરાશે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહરાજયમંત્રી શ્રી હરિભાઇ ચૌધરી, રાજયના પાણી પુરવઠા મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી રમણભાઇ વોરા, રાજયકક્ષાના મંત્રીશ્રીઓ શ્રી શંકરભાઇ ચૌધરી અને શ્રી જયેશભાઇ રાદડીયા સમારંભના મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે.

વહેમીલા પતિએ પરિણીતાને ત્રાસ આપી માર મારતા ફરિયાદ

હિંમતનગર, તા.૮

હિંમતનગર તાલુકાના જાંબુડી ગામની પરિણીતાને છેલ્લા બે વર્ષથી અને ગત સોમવારે પતિ દ્વારા ખોટો વહેમ રાખી ગડદાપાટુનો માર મારી શારીરિકમાનસિક ત્રાસ અપાતા પરિણીતાએ ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં મંગળવારે પતિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘટના અંગે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંભોઇ પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા -ઝ વિગત અનુસાર જાંબુડી ગામે રહેતા દિનેશભાઇ ભીખાભાઇ રાવળની દિકરી રિન્કુબેનને ગામના જ અતુલકુમાર ચુનીલાલ રાવળ સાથે પરણાવી હતી. રિન્કુબેનને છેલ્લા બે વર્ષથી પતિ અતુલકુમાર દ્વારા ખોટો વહેમ રાખી અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ અપાતો હતો. દરમિયાનમાં ગત સોમવારે પતિ દ્વારા રિન્કુબેનને ગડદાપાટુનો માર મારી બિભત્સ ગાળો ભાંડતા તેણીએ ગાંભોઇ પોલીસનું શરણું લીધુ હતું.ગાંભોઇ પોલીસે મંગળવારે રિન્કુબેનની ફરિયાદ આધારે પતિ અતુલકુમાર વિરૂધ્ધ ગુનો દર્જ કરીને ઘટના અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર પોલીસે એક લાખથી વધુનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

છેલ્લા ઘણા સમયથી દેશી - વિદેશી દારૂની બદીનું પ્રમાણ વધુ રહ્યું છે

પાલનપુર, તા.૮

પાલનપુર શહેરમાં એલ.સી.બી. પોલીસે બે દિવસમાં રૂ ૧ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે બે કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી એક બુટલેગરની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર શહેરમાં છેલ્લા ઘણા સમયથી દેશી - વિદેશી દારૂની બદીનું પ્રમાણ ચિંતાજનક રૂપે વધુ રહ્યું છે અને આ બદીને ડામવા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાએ બુટલેગરો સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી કરવા મૂડ બનાવી લીધો છે ત્યારે જિલ્લા પોલીસ વડાની સુચનાથી જિલ્લા એલ.સી.બી. અને પાલનપુર શહેર પૂર્વ પોલીસે સઘન કાર્યવાહી કરી બે દિવસમાં ૧ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બે કાર સહિતનો મુદ્દામાલ સાથે એક બુટલેગર બબલુ ઠાકોરની ધરપકડ કરી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગરમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

હિંમતનગર, તા.૮

હિંમતનગરના મોતીપુરા નજીકના ઓવરબ્રીજ પરથી મંગળવારે રાત્રે બાઇક પર પસાર થતાં દંપતિ નજીક આવેલા પલ્સર બાઇક પર સવાર યુવકો પૈકીના એક યુવકે મહિલાના ગળામાંથી રૂા.૨૦ હજારની કિંમતનો સોનાનો દોરો તોડી લૂંટ ચલાવી ભાગી છુટયા હતા. ચેઇન સ્નેચીંગની ઘટના અંગે મહિલાના પતિએ હિંમતનગરના એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

શહેરમાં મંગળવારની મોડી રાત્રે બનેલી ચેઇન સ્નેચીંગની ઘટના અંગે -ઝ વિગત અનુસાર મોતીપુરાની સાબરકુંજ સોસાયટીમાં રહેતા કોમલકુમાર છગનભાઇ સુતરીયા તેમના પત્નિ ધર્મિષ્ઠાબેન સાથે બાઇક પર મોતીપુરાના ઓવરબ્રીજ પરથી પસાર થઇ રઝા હતા. તે દરમિયાન પુલના છેડા પર કાળા કલરના પલ્સર બાઇક પર આવેલા બે યુવકો પૈકીના એક યુવકે ચાલુ બાઇકે ધર્મિષ્ઠાબેનના ગળા પર હાથ મારી સોનાનો દોરો તોડી લૂંટ કરી ભાગી છુટયા હતા. ત્યારબાદ ધર્મિષ્ઠાબેનના પતિ કોમલકુમારે હિંમતનગરના એડીવીઝન પોલીસ સ્ટેશને પહોંચી ઘટના અંગેની જાણ કરી હતી.

એડીવીઝન પોલીસે સાબરકુંજ સોસાયટીના રહીશની ફરિયાદ આધારે રૂા.૨૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટની ઘટના સંદર્ભે બે અજાણ્યા ૨૦થી ૨૫ વર્ષની વયના યુવકો વિરૂધ્ધ ગુનો નોંધાવ્યો હતો.

ઊંઝા મહિલા કૉલેજમાં લોકદરબાર યોજાયો

ઊંઝા, તા. ૮

ગાંધીનગર રેન્જના સંનિષ્ઠ પોલીસ મહાનિરીક્ષક હસમુખભાઈ પેટલની હાજરમાં આજે વેપારી મથક ઊંઝા ખાતે મહિલા કૉલેજમાં લોકદરબાર યોજાયો હતો.

રેન્જ આઈ.જી. ના લોકદરબારમાં વિસનગર વિભાગીય વડાની હકુમતના ઊંઝા, વિસનગર, વડનગર, ખેરાલુ, સતલાસણા, વિજાપુર, વસઈ પોસ્ટેની હદના વિવિધ પક્ષોનાં આગેવાનો પ્રજાના પ્રતિનિધિઓ, જીલ્લા તાલુકા પંચાયતના પદાધિકારીઓ, સદસ્યો, નગરપાલિકાઓના પ્રમુખો, વિવિધ ગામોના સરપંચો, અન્ય આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ લોકદરબારમાં વિવિધ વ સ્તિારોમાં દારુ જુગારની ગેરકાયદે પ્રવૃત્તિ, ટ્રાફિકને લગતા પ્રશ્નો, પોલીલતંત્રમાં સ્ટાફની અછત, તંત્રમાં વ્યાપેલ ભ્રષ્ટાચાર, ગુનાઓની નોંધણીમાં થતા અખાડા, નાઈટ પેટ્રોલિંગ, નવીન આઉટ પોસ્ટ શરુ કરવા, બહારથી ઊંઝા માર્કેટયાર્ડમાં માલો વેચવા આવતા ખેડૂતોના માલોની વાહનોમાંથી થતી ચોરી થતી ચોરી જેવા પ્રશ્નોની ધારદાર રજૂઆતો થઈ હતી. જેના પ્રત્યુત્તરમાં રેન્જ આઈ.જી. પી. એ સત્વરે યોગ્ય પગલાં ભરવાની ખાત્રી આપી હતી.

દરમિયાન રેન્જ આઈ.જી. તરીકે સંનિષ્ઠ ઉચ્ચ પોલીસ અધિકારી હસમુખભાઈ પટેલની નિયુક્તિ થયા બાદ તેમની ધાકથી મહેસાણા જીલ્લામાં ચલાતી અસામાજિક પ્રવૃત્તિઓ પર નિયંત્રણ આવી ગયેલ હોઈ આ લોકદરબારમાં ઉપસ્થિત નાગરિકોએ રેન્જ આઈ.જી.ની કાર્યશૈલીને બિરદાવી હતી.

પોગલુ પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

શાળાના ૨૬૮ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો : સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળવા આખું ગામ સહિત આજુબાજુમાંથી પણ લોકો ઉમટી પડ્યા

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલું ગામે આવેલ પ્રાથમિક શાળામાં તા. ૭-૪-૨૦૧૫ને મંગળવારના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૬૮ બાળકોએ વિવિધ પ્રોગ્રામોમાં ભાગ લીધો હતો.

પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ચાલુ શૈક્ષણિક સત્રની સમાપ્તિ ટાણે વર્ષ દરમિયાન થયેલ સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં સફળ થયેલ અધ્યેતાઓને પ્રોત્સાહિત કરવા તથા વાર્ષિકોત્સવ ઇનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ભુલકાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. જેમાં બેટી બચાવો, વૃક્ષો બચાવો, કોમેડી ટાઇમ, નાટક, રાજસ્થાની નૃત્ય, લૂંગી ડાન્સ, મા તુઝે સલામ -વિવિધ કાર્યક્રમોદ્વારા આવનાર મહેમાનો તથા વાલીઓના દિલ જીતી લીધા હતા. જયારે આ પ્રસંગે પ્રાંતિજ ટી.ડી.ઓ. ડી.બી. મકવાણા, સુનીલદાસજી મહારાજ, ભાજપ તાલુકા પ્રમુખ રમેશભાઇ પટેલ, પોલગલુંસરપંચ કિરીટભાઇ વણકર, ડૉ. ગોરધનભાઇ પટેલ વગેરે આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. જયારે પ્રાથમિક શાળામાં પ્રથમ વખત મોટા પાયે આટલો સરસ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થતાં ગ્રામજનો તથા આજુબાજુના લોકો પણ સાંસ્કૃતિક કાર્યક્રમને નિહારવા ઊમટી પડતા શાળાનું મેદાન પણ નાનું પડ્યું હતું ને લોકો શાળાના ધાબા ઉપર તથા આજુબાજુ આવેલ રહેણાક મકાનોના ધાબા ઉપરથી સમગ્ર કાર્યક્રમ નિહાળ્યો હતો. જયારે શાળાના આચાર્ય ઝીનલ બેન પટેલ તથા સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વ આરોગ્ય દિનની અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઉજવણી કરાઇ

મોડાસા, તા. ૮

અવવલ્લી જીલ્લાના મોડાસા સહિત સમગ્ર જીલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય કર્મચારીઓ દ્વારા ૭ એપ્રિલ ૨૦૧૫ વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી રેલી, જનજાગૃતિ અને રસીકરણના કાર્યક્રમો કરી કરવામાં આવી હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે પ્રજાજનોને અસર કરે તથા લોકજાગૃતિ કેળવાય તે માટે વર્ષે ૨૦૧૫નું સૂત્ર 'આહારાને સલામત બનાવીએ ખેત ઉત્પાદનથી ભોજન સુધી' અન્વયે જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ મોડાસા તાલુકાના આરોગ્ય અધિકારી ડૉ. યજ્ઞેશ નાયકના માર્ગદર્શન હેઠળ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ દ્વારા રેલી યોજવામાં આવી હતી. સાથે જનજાગૃતિ માટે અને પ્રજાજનો સ્વાસ્થ્ય માટે સાવચેતી કેળવવા માટે પ્રચાર-પ્રસારના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. મિશન ઇન્દ્રધનુષ કાર્યક્રમ અંતર્ગત મોડાસા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની કર્મચારીઓએ તેમના વિસ્તારમાં ઘરે ઘરે સર્વે કરી આંશિક રસીકરણ થયેલ અને રસીકરણથી વંચિત રહેલી માતા અને તેમનાં બાળકોને શોધી અને રસીકરણથી બાકી રહી ગયેલાને શોધી નજીકના સ્થળે એકશન પ્લાન તૈયાર કરી લાભાર્થીના નજીકના વિસ્તારમાં રસીકરણનું સેશન ઊભું કરી સઘન ઝુંબેશ હાથ ધરી ૭ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી તમામને રસીકરણથી રક્ષિત કરવામાં આવશે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧